# અગત્યની માહિતી

મહેરબાની કરીને તમારું કચરાનું બિન અથવા રીસાઈકલિંગની વસ્તુઓ સવારના **07:00** પહેલાં તમારા મકાનની બહારની કિનારી પર જ્યાં તે સહેલાઈથી દેખાઈ શકે તેવી રીતે મૂકી દો.

જો તમારી જાંબુડીયા રંગની કોથળીઓ ખલાસ થઈ જાય, તો અહીં ઈમેઈલ કરીને **cleaner.greener@charnwood.gov.uk** અથવા અમને **01509 634 563** પર ફોન કરીને બીજી મંગાવી લો.

રીસાઈકલ કરવાની વસ્તુઓને હાથ વડે છૂટી પાડવામાં આવે છે, આથી મહેરબાની કરીને સોયો અથવા બીજા કોઈ ધારદાર વસ્તુઓ તેમાં સાથે મૂકશો નહિ.

જો તમને કોઈ અંગત કારણોસર અથવા તમારા મકાનના સંબંધમાં તમારું બિન, બોક્સ અથવા કોથળી ખસેડવામાં તકલીફ પડતી હોય તો મહેરબાની કરીને અમારો સંપર્ક કરો.

જો કલેક્શન થઈ ગયા પછી તમે તમારું બિન/બોક્સ/નહિ લઈ જવાયેલી રીસાઈકલિંગની કોથળીઓ બહાર મૂકી રાખશો તો તમને એન્વાયરન્મેન્ટલ પ્રોટેક્શન એક્ટ **1990**ની કલમ **47ZA** હેઠળ **£110**ની નિશ્ચિત રકમના દંડની નોટિસ (પેનલ્ટી નોટિસ) આપવામાં આવી શકે.

## બગીચાના કચરાનું કલેક્શન




વર્ષના **£15**ના ખર્ચે (ડાઈરેક્ટ ડેબિટથી પૈસા ભરવાના છે) અમે તમને પૈડાંવાળું બ્રાઉન બિન આપીશું જેથી તમે તમારા બગીચાના કચરાનો તેમાં નિકાલ કરી શકો. તે અમે દર બે અઠવાડિયે લઈ જઈશું અને તે કચરામાંથી ખાતર બનાવીશું.

તેનું લવાજમ ભરવા માટે ફોન કરો
**01509 634 563** અથવા જુઓ **charnwood.gov.uk/gardenwaste**

જો તમને  માહિતી મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો સ્વરૂપે અથવા તમારી પોતાની ભાષામાં જોઈતી હોય તો મહેરબાની કરીને સંપર્ક કરો: 01509 634 563

ચાર્નવૂડનો સંપર્ક કરો **01509 634 563**
**www.charnwood.gov.uk cleaner.greener@charnwood.gov.uk**
* સોમવારથી શુક્રવાર સવારે **8**થી રાત્રે **8 |** શનિવાર સવારે **8**થી બપોરે **1**
* ક્રિસમસના સમય દરમ્યાન આમાં ફેરફાર થઈ શકે છે

# રીસાઈકલિંગની તમારી સેવાઓ

## તમારા **40%** કરતાં વધારે કચરાનું રીસાઈકલિંગ કરવામાં મદદ કરવા બદલ તમારો આભાર!

અમે હંમેશાં આનાથી પણ વધારે ઊંચું લક્ષ્યાંક રાખીએ છીએ, અને હજુ પણ તમારા વધારે કચરાને રીસાઈકલ કરવામાં તમારી મદદ ઈચ્છીએ છીએ. તમારી જાંબુડીયા રંગની કોથળી તેમજ લીલા બોક્સની સેવાનો ઉપયોગ કરીને અનેક જુદી જુદી વસ્તુઓ રીસાઈકલ કરી શકાય છે અને યાદ રાખો કે તમારી રીસાઈકલની વસ્તુઓ લઈ જવાના દિવસે (કલેક્શન દિવસે) તમને જરૂર પડે તેટલી રીસાઈકલિંગની જાંબુડી કોથળીઓ તમે બહાર મૂકી શકો છો. તમારા ઘર આંગણે કઈ કઈ વસ્તુઓ રીસાઈકલ કરી શકાય છે તેની આ પત્રિકા તમને યાદ અપાવે છે.




જો તમને વધારે વસ્તુઓ રીસાઈકલ કરવામાં મદદ જોઈતી હોય, વધારે કોથળીઓ કે બોક્સ જોઈતું હોય, અથવા તમારા કલેક્શન દિવસ વિશે કોઈની સાથે વાત કરવા માગતાં હો તો મહેરબાની કરીને અમને **01509 634 563** પર ફોન કરો અથવા જુઓ **www.charnwood.gov.uk**

કઈ કઈ વસ્તુઓ મૂકી શકાય તેની વિગત અંદરનાં પાનાંમાં છે!

અંદર માહિતી આપેલી છે

## અગત્યનું

જો તમને વધારે વસ્તુઓ રીસાઈકલ કરવામાં મદદની જરૂર હોય, વધારે કોથળીઓ કે બોક્સ જોઈતાં હોય અથવા તમારા કલેક્શન દિવસ વિશે કોઈની સાથે વાત કરવા માગતાં હો, તો અમારો સંપર્ક કરો જેથી અમે તમને વધારે વસ્તુઓ રીસાઈકલ કરવામાં મદદ કરી શકીએ!

તમારો કલેક્શન દિવસ આ છે: ____________

recycle for Charnwood

Charnwood

*Gujarati*

# જાંબુડી કોથળીમાં રીસાઈકલિંગ



## પૂંઠાં સપાટ કરીને વાળીને તમારી જાંબુડી કોથળીની બાજુમાં મૂકી શકો છો!

## તમારી જાંબુડી કોથળીમાં તમે શું શું રીસાઈકલ કરી શકો છો*




મહેરબાની કરીને યાદ રાખશો કે અમે વોલપેપર સ્વીકારતાં નથી

***યાદ રાખશો કે તમે ભેટો વીંટાળવાના વપરાયેલા કાગળ (રેપિંગ પેપરો - પણ પ્લાસ્ટિક કે મેટાલિક કાગળો નહિ), ક્રિસમસ કાર્ડ્સ અને પરબીડિયાં જાંબુડી કોથળીમાં મૂકીને રીસાઈકલ કરી શકો છો.***




મહેરબાની કરીને યાદ રાખશો કે અમે પોલીસ્ટીરીનના બ્લોક્સ લઈ જતાં નથી **2011**

## કચરો - કાળું બિન




અમે ઘણી બધી જુદી જુદી વસ્તુઓ રીસાઈકલ કરતાં હોવાથી, તમારે જેટલો કચરો ફેંકી દેવો પડે તેમાં ઘણો જ ઘટાડો થઈ જાય છે અને તે દર બીજા અઠવાડિયે લઈ જવામાં આવે છે. મહેરબાની કરીને યાદ રાખશો કે તમારા બિનની બાજુમાં મૂકવામાં આવેલ બીજો કોઈ વધારાનો કચરો અમે લઈ જઈશું નહિ અને બિનનું ઢાંકણું બંધ કરેલું હોવું જોઈએ જેથી તે ખાલી કરતી વખતે તેમાંની વસ્તુઓ બહાર પડી ન જાય.

* આ યાદી સચોટ હોવાનું માનવામાં આવે છે, પરંતુ ક્યારેક એવું બની શકે કે આમાં જણાવેલી કેટલીક વસ્તુઓ લઈ જવામાં ન આવે, જેમ કે પ્રક્રિયા કરવા માટે તે બહુ વધારે પડતી મોટી હોય.

# લીલા બોક્સમાં રીસાઈકલિંગ

## તમારા લીલા બોક્સમાં તમે શું શું રીસાઈકલ કરી શકો છો.




મહેરબાની કરીને તમારી રીસાઈકલિંગની વસ્તુઓ કાગળ વગેરેમાં વીંટાળશો નહિ!



તમારા બોક્સમાં કે કોથળીઓમાં જગ્યા નથી રહી? રીસાઈકલિંગ કરવામાં તકલીફ પડી રહી છે? મહેરબાની કરીને અમને **01509 634 563** પર ફોન કરો અથવા જુઓ **www.charnwood.gov.uk**

# ઘરગથ્થુ વસ્તુઓ રીસાઈકલ કરવી

## તમારી માઈન્ડની સફેદ રંગની બેગમાં તમે શું શું રીસાઈકલ કરી શકો છો*




અમે માઈન્ડ સાથે હાથ મિલાવ્યા છે, જે એક માનસિક આરોગ્યને લગતી ધર્માદા સંસ્થા (ચેરિટી) છે, જેથી તમારા ઘરની ઘરગથ્થુ વસ્તુઓને માઈન્ડની ચેરિટી દુકાનોમાં દાન આપીને તે રીસાઈકલ કરી શકાય. સફેદ રંગની માઈન્ડ બેગમાં તમે કોઈ પણ ચોખ્ખાં કપડાં, જૂતાં, કાપડની વસ્તુઓ અથવા તમને હવે ન જોઈતી હોય પરંતુ ફરીથી વાપરી શકાય હોય તેવી ઘરની બીજી વસ્તુઓ મૂકી શકો છો. મહેરબાની કરીને તેને ઉપરથી બાંધી દો અને જ્યારે તમારું રીસાઈકલિંગનું બોક્સ બહાર કલેક્શન માટે મૂકો ત્યારે તેની બાજુમાં આ બેગ પણ મૂકી દો. જો તમે બેગ બહાર મૂકશો તો કચરો લઈ જનારાં કર્મચારીઓ તમારે ફરીથી વાપરવા માટે બીજી નવી બેગ ત્યાં મૂકતા જશે.

* માઈન્ડની બેગો બીજી રીસાઈકલિંગની વસ્તુ લઈ જનારાં કરતાં અલગ વાહન દ્વારા લઈ જવામાં આવે છે.




*ગ્રાહક વપરાશ બાદના કચરા અને ટકાઉ સ્ત્રોતોમાંથી બનાવવામાં આવેલ કાગળ પર છાપેલ*

આ પત્રિકા રીસાઈકલ કરાયેલ કાગળ પર છાપેલી છે

*Gujarati*

| | |
|---|---|
| Rinse & Squash | વીંછળીને ડૂચો કરેલ |
| Clean | સાફ |
| Empty | ખાલી |
| Flatten cardboard | સપાટ કરાયેલ પૂંઠાં |
| Food and drink cans | ખોરાક અને પીણાંનાં ડબલાં |
| Foil | ફોઈલ |
| Aerosols | એરોસોલ |
| Paper | કાગળ |
| Cardboard | પૂંઠાં |
| Cartons | પૂંઠાનાં ખોખાં |
| Plastics | પ્લાસ્ટિક |
| bottles, | બાટલીઓ, |
| salad trays, | કચુંબરની તાસકો |
| food & veg punnets | ખોરાક અને શાકભાજીનાં છાલ-ફોતરાં |
| milk bottles, | દૂધની બાટલીઓ |
| bleach bottles, | બ્લીચની બાટલીઓ |
| shampoo bottles | શેમ્પૂની બાટલીઓ |
| carrier bags, | કેરિયર બેગો |
| bin liners, | બિનમાં ભરાવવાની કોથળીઓ |
| cling film | ક્લિંગ ફિલ્મ |
| margarine tubs, | માર્જરિનનાં ડબા |
| ready meal trays, | તૈયાર ખોરાકની તાસકો |
| small plant pots | નાના છોડના કૂંડાં |
| yogurt pots, | દહીંની ડબીઓ |
| foam | ફીણ |
| fast food boxes | ફાસ્ટ ફૂડનાં ખોખાં |
| Mixed glasses | મિશ્ર પ્રકારનો કાચ |
| Clean textiles | સ્વચ્છ કાપડ |
| Paired shoes | જૂતાંની જોડી |